# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૬૬ • તા.૧૪ ઓગસ્ટ થી ૨૦ ઓગસ્ટ ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# સમસ્ત મહાજનની સંજીવની સ્કીમથી પ્રેરિત થઈ

# ઈન્ટરનેશનલ રિહેબિલિટેશન કંપનીઓ પણ સમસ્ત મહાજનના સપોર્ટમાં


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# સફળ લીડર બનવાની પ્રક્રિયા

પરિવર્તન સંસારનો અફર નિયમ છે. પછી તે કારકિર્દીની વાત હોય, જીવન કે સંબંધોની અથવા વ્યવહારની વાત હોય. શરૂઆતે ઘરેડમાં ખૂંપેલો જીવ બદલાવ માટે તૈયાર ન થઈ શકે તો પણ આખરે બદલાવતો કરવું જ પડે છે. કારણ કે સમય પ્રમાણે થતું પરિવર્તન આમ તો પ્રગતિનો પાયો બને છે. આમ છતાં બદલાવની વાતને સ્વીકારવું અઘરું હોય છે.

લીડર એ એક ધ્યેય નિષ્ઠ હોય છે. જે તેના હાથ નીચેના સહકારીઓ પ્રત્યે કોમળ હોય છે તો અમુક અંશે કઠોર હોય છે. સફળ થવા માટે સફળ સુકાની, સરદાર કે સફળ સંચાલક બનવું એ પ્રાથમિક જરૂરિયાત છે. ઉતમ એ હોય છે તે પોતાના કર્મચારીઓને માનસિક બદલાવ માટે તૈયાર કરે છે તો નવી નવી ટેકનોલોજીથી તેમને અવગત કરાવે છે, તેની તાલીમ આપે છે. તે ઉતમ માર્ગદર્શક, સર્વશ્રેષ્ઠ શિક્ષક, સર્વોત્તમ સલાહકાર, અદ્‌ભૂત આયોજક, મિલનસાર માનસિક ચિકિત્સક, સ્નેહાળ વડીલ અને વિશાળ દિલ મિત્રની ભૂમિકા દેનાર નેતા જ સફળ સારથી બની ટીમને દોરી શકે છે. જો લીડર જ બદલાવને સ્વીકારી ન શકે અને સમગ્ર ટીમને બદલાવ સ્વીકારવા પ્રેરી ન શકે તો તેનામાં હજુ ઘણું ખૂટે છે તેવું કહી શકાય.

લીડર અને મેનેજરમાં મોટો ફરક છે. લીડર માત્રને માત્ર સફળતાને જુએ છે, તે જાત કરતાં પહેલા પોતાની ટીમની સફળતાને માટે સંકલ્પ બધ્ધ હોય છે. ટીમના એક એક મેમ્બરની ખૂબીઓ અને ખામીઓથી તે સારી રીતે અવગત હોય છે અને એ ખામીઓ સુધરે એ માટે પ્રયત્નશીલ રહે છે. જ્યારે મેનેજર માત્ર પોતાની શાન જળવાઈ રહે તેવું ઈચ્છે છે. મેનેજમેન્ટ સામે પોતાની પ્રતિભા ઉજળી રહે એ માટે પ્રયત્નશીલ હોય છે. તેની હાથ નીચેના કર્મચારીઓની નબળી બાબતો પ્રત્યે ચીડ ધરાવી દમદાટીના દમનથી સુધારવા મથે છે. આમ ઉતમ લીડર બનવું સહેલું, સરળ નથી એ તો મૂર્તિકારના ટિપ્પણે ટિપાઈ ટિપાઈને ઘાટમાં ઘડાવું પડે છે. આખરે તો ઘા સહન કરનાર જ સુરેખ સુઘડ આકારમાં સર્વશ્રેષ્ઠ સર્જવા ઘડાય છે. તૈયાર થાય છે.

# સમસ્ત મહાજનની સંજીવની સ્કીમથી પ્રેરિત થઈ ઈન્ટરનેશનલ ફાર્મા કંપનીઓ પણ સમસ્ત મહાજનના સપોર્ટમાં

સમસ્ત મહાજનની સંજીવની સમિતિએ છેલ્લા અઢી વર્ષમાં ૪૯ થી વધુ વ્યક્તિઓને તાત્કાલિક વૈદકીય સહાય સાથે યોગ્ય માર્ગદર્શન આપ્યું છે. આની માટે સંપૂર્ણ સંજીવની સ્કીમ, સંજીવની ટીમ અને વિશેષ કરીને સંજીવની સ્કીમના ચેરમેન મનિષાબેન પોલડીયાએ જે કાર્ય કર્યું છે તે સરાહનીય છે. આ કાર્યથી જ્ઞાતિજનો તો સંતોષ પામે જ છે તેની સાથે સાથે દર્દીઓ પણ રાહત અનુભવે છે.

આજની તારીખમાં એન્ડોલાઈટ કંપનીએ તો સામેથી સંજીવની કેસ નં.૪૭ શ્રી સચીન જીવાણીને રૂા.૬૦,૦૦૦ જેવી રકમનું કન્શેસન કરી આપ્યું સાધારણ રીતે આ બધી કંપનીઓ ડિસ્કાઉન્ટ તો આપે જ છે પણ આ કંપનીએ ડિસ્કાઉન્ટ ઉપરાંત મેનેજમેન્ટ એ પોતાનો પાવર વાપરી બીજા ૬૦,૦૦૦નું વધુ કન્શેસન કરી આપ્યું અને તેમણે મનિષાબેન પોલડીયાને એક બાયંધરી પણ આપી કે ભવિષ્યમાં અમારી કંપની સમસ્ત મહાજનની સંજીવની સ્કીમની સાથે રહેશે અને અમે બીજી પણ બધી કંપનીઓને સમસ્ત મહાજનની આ સંજીવની સ્કીમને સહાય કરવા માટે પ્રેરિત કરશું.

---

# સંજીવની કેસ નં.૪૮ ના દાતાશ્રીઓની અનુમોદના

## Anumodana

**Sanjivani Case- 48 Matushri Hiravantiben Kalyanji Lodaya, Sayera (Chalisgaon)**

| Individual Donations | Amount (Rs |
|---|---|
| **Well Wisher** | **31,000.00** |
| Jai Jinendra Gautamnidhi Trust, Mumbai | 5,000.00 |
| Shri Kartik Mahendra Shah | 2,000.00 |
| Well Wisher-1 | 1,000.00 |
| Shri Manilal Visanji Dharamshi | 1,000.00 |
| Shrimati Nitaben Mahendra Poladiya | 1,000.00 |
| Shrimati Arunaben Chimanlal Nagda, Cochin- Mumbai | 1,000.00 |
| Shri Kamlesh Khushalchand Poladia, Pachora | 500.00 |
| Shri Chandresh Tokarshi Lodaya, Alleepey | 500.00 |
| Shri Rohit Jivraj Poladia | 201.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 90990 41414

**Thank You Donors for your Generosity & Kindness**

# સંજીવની કેસ નં.૪૬ ના દાતાશ્રીઓની અનુમોદના

## Anumodana

### Sanjivani Case-46 - Patient - Miss Mahima Ashok Lodaya, Varapadhar (Gadag)

| Uranium Patron | Donation (Rs) |
| --- | --- |
| Anantnathji Maharaj Jain Temple and its Sadharan Fund Trust | 25,000.00 |
| **Aadhar Stambh Patron** | |
| Shri Narendrabhai Shamji Dand, Tera, Mumbai | 10,000.00 |
| **Lifetime Patron** | |
| Matushri Vijayaben Shantilal J. Meisheri, Lala,Mulund,(Dubai), H: Tileshbhai & Nileshbhai | 12,500.00 |
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Banglore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Raipur | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Deluxe LOGISTICS Pvt Ltd, Mr. Kirti Dhanji Dharamshi | 2,000.00 |
| Shri Pankaj Lakhmichand Dharamshi | 2,000.00 |
| Matushri Purbai Lakhamshi Lalka Che. Trust , Kutch | 2,000.00 |
| Shri Rajendra Manilal Khona, Suthri, Mulund Mumbai | 1,000.00 |
| Shri Laljibhai Velji Lodaya, Varapadhar - Dombivali | 1,000.00 |
| Smt. Sarlaben Lalji Lodaya, Varapadhar - Dombivali | 1,000.00 |
| Shri Kumarbhai B. Dand, Tera, Mumbai | 1,000.00 |
| **Platinum Patron** | |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 5,000.00 |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 5,000.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 5,000.00 |
| **Diamond Patron** | |
| Late Smt Hemlata Mulchand Nagda ( H: Shri Bhavin T Nagda ), Tera, Mumbai | 5,000.00 |
| Late Shri Mulchand Visanji Nagda ( H: Shri Manikant Visanji Nagda), Tera, Mumbai | 5,000.00 |
| Matushri Laxmiben Javerchand Dharamshi ( H: Yogita Dhirish Dharamshi), Kothara, Bijapur | 5,000.00 |
| Matushri Manibai Champshi Luthia & Shri Champshi K Luthia, Raidhanjar | 5,000.00 |
| Smt. Neetaben Jaldeep Daulat, Las Vegas, USA | 5,000.00 |
| Shri Hans B. Khimji, Tera, Matunga | 5,000.00 |
| Shri Pratap P. Dharamshi ( H: Anjana P. Dharamshi ), Mumbai | 5,000.00 |
| Late Matushri Bhanumati M.Dhulla & Late Shri Manilal S.Dhulla, Suthri, Mulund (H:Nirenbhai Shah) | 2,500.00 |
| Matushri Damyantiben Champshi Lodaya, Sandhav, Ghatkopar, Mumbai | 2,500.00 |
| Smt. Jayuben Ramesh Momaya, Naliya, Atlanta | 2,500.00 |
| **Gold Patron** | |
| Well Wisher | 2,500.00 |
| Matushri Nalini Gulabchand Poladia (Shah), Bayath, Thane | 2,500.00 |
| Adv. Smt. Minal Bharat Khona, Suthari, Navi Mumbai | 2,500.00 |
| Late Kum. Meetal Mahesh Lodaya, ( H: Shri Mahesh Chatrabhuj Lodaya), Rapargadhwari, Ahmedabad | 2,500.00 |
| Late Kumar Dhawal Mayur Lodaya( H: Matushri Jayaben Motilal Lodaya) Moti Khavdi , Ghatkopar | 2,500.00 |
| Late Shri Hemchandbhai Kunverji Dharamshi ( H: Shri Kunverji Jethalal Dand Family), Suthri, Ahmedabad | 2,500.00 |
| Late Shri Hemraj Lalji Meisheri, Jakhau - Pune | 2,500.00 |
| Late Smt. Jhamkuben Hemchandbhai Dharamshi ( H: Shri Dilip Kunverji Dand), Suthri, Ahmedabad | 2,500.00 |
| Matushri Dhanbai Premji Narpar Shah (Lodaya), (H: Tejal Rajesh Shah), Moti Sindhodi, Wadala | 2,500.00 |
| Matushri Gunwanti Laxmichand Luthia, Raydhanjar, Kolkata | 2,500.00 |
| Matushri Jayavati Hemraj Meisheri, Jakahu - Pune | 2,500.00 |
| Matushri Madhuben Hirachand Dand ( Haste: Ritesh H. Dand ) Lala, Mulund, Mumbai | 2,500.00 |
| Matushri Maniben Ramji Lodaya , Nani Khavdi , Sangli | 2,500.00 |
| Matushri Velbai Devji Khona, Arikhana, Ahmedabad | 2,500.00 |
| Parab Shakti Sanjivani Society, Mumbai | 2,500.00 |
| Sanghmata Bhartiben Bhagchand Damji Jain Pariwar, (H:Jayesh Jain), Kothara, Mulund | 2,500.00 |

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા

## પરમ પૂજ્ય અચલગચ્છાધિપતિ ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબને સમર્પિત વિશેષ પૂર્તિ જ્ઞાતિમૈયા માં




આ વિશેષ પૂર્તિ માટે

પ.પૂ. અચલગચ્છાધિપતિ

ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ

આપ તેમના પ્રત્યેની અનુમોદના,

આદરભાવ તેમજ તેમના

સાથેના સંસ્મરણો

શનિવાર ૨૧ ઓગસ્ટ ૨૦૨૧

સુધી લખીને મોકલો

**આપ આપની જાહેરાત પણ આપી શકો છો**

**કલર ફુલ પેજ રૂા.૮૦૦/-**

Kumar Dand - 9322680008
Manoj Lodaya - 9833039980
Email : gyatimaiya2018@gmail.com

# વરાડિયા નગરે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ સ્વામી જિનાલયની ૧૧૮મી વર્ષગાંઠે ત્રિદિવસીય મહોત્સવ ભવ્યતાથી થયો

કચ્છ પ્રદેશના અબડાસા પંથકના વરાડીયા નગરે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયની ૧૧૮ વર્ષગાંઠ પ્રસંગે પ.પૂ.સાધ્વીશ્રી કૃતાર્થ ગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામા વિધિકાર ચંદ્રકાંતભાઈ દેઢિયા બિદડાવાળાના સથવારે ત્રિદિવસીય મહોત્સવ રંગેચંગે સંપન્ન થયો. આ પ્રસંગે અઢાર અભિષેક, ધ્વજારોહણ સહિત વિવિધ ધર્મ આરાધનાઓ ઉમંગથી થઈ. અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે ગુણાનુવાદ સાથે નવકાર જાપ આદિ અઠમ અને આયંબિલ તપ આરાધના થયેલ.






## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# રવિ પુષ્પામૃત યોગમાં વર્ધમાન નગર સંઘમાં સિધ્ધચક્ર આરાધના સહ શ્રીયંત્ર મહાલક્ષ્મી મહાપૂજનની આરાધના થઈ

વર્ધમાનનગરે આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણા-૨ની નિશ્રામાં ૬૫ પરિવાર સહ શ્રીયંત્ર મહાલક્ષ્મી મહાપૂજન ઉત્સાહ, ઉમંગ અને ભાવવાહી ધારામાં ભણાવવામાં આવ્યું હતું.



સુખી સમાજ સમૃદ્ધ સંઘ અભિયાન હેઠળ દર મહિને પુષ્ય નક્ષત્રમાં સિદ્ધચક્ર મહાલક્ષ્મી આરાધના ઓનલાઈન થાય છે. રવિવાર અને પુષ્પ નક્ષત્રનો સંયોગ મળતા શ્રીયંત્ર મહાલક્ષ્મીની આરાધના કરાઈ હતી. ઓનલાઈન પણ ભાવિકો આ આરાધનામાં જોડાયા હતા.

આરાધના દરમ્યાન પૂ.આચાર્ય કવીન્દ્રસાગરજી મ.સા.એ સમગ્ર વિશ્વ કોરોના મહામારીમાંથી મુક્ત થાય, કચ્છમાં સારો વરસાદ થાય તેવી પ્રાર્થના કરી ઉમેર્યું હતું કે, દેશમાં માત્ર પોતાના આત્મકલ્યાણની ચિંતા ન કરી, વિશ્વનો એકેએક જીવ સુખી થાય. એમના દર્દ દૂર થાય, જીવન મંગલમય બને એટલા માટે સાધના કરી. સુખી થવાના અનેક માર્ગો છે જે પૈકી એક માર્ગ એટલે મંત્રસાધના યંત્ર પૂજન છે. વૈજ્ઞાનિકો લેબોરેટરીમાં સંશોધન કરે છે. સાધકો અંતરની લેબોરેટરીમાં સાધના કરીને વિશ્વના કલ્યાણ માટે કામ કરે છે. જ્યોતિષાચાર્ય આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ને સાધના દ્વારા જે મંત્રની પ્રાપ્તિ થઈ એ મંત્ર દ્વારા શ્રીયંત્રની આરાધના કરાવવામાં આવે છે. મુનિરાજે પ્રસંગ મહત્વ સમજાવતા શ્રીયંત્ર મહાલક્ષ્મી આરાધનાનો મહિમા સમજાવ્યો હતો. વિવિધ પરિવારોએ શ્રીયંત્ર મહાલક્ષ્મીની આરાધના કરી હતી. વિધિવિધાન દીપકભાઈ કોઠારીએ જ્યારે સંગીત નિકેતન દેઢિયા એન્ડ પાર્ટીએ આપ્યું હતું.

મહાલક્ષ્મીજીની આરતીના ચડાવાનો લાભ માતા મૃદુલાબેન અરવિંદભાઈ વોરા પરિવારે લીધો હતો. આ અવસરે પૂર્વ રાજ્યમંત્રી તારાચંદભાઈ છેડા, ગિરીશ છેડા, હિતેશ ખંડોલ, ચિંતલ વોરા, કિશોર સાંયા, ભરત બી.શાહ, નીલેશ મોમાયા, ઉલ્લાસ મહેતા તથા ભુજ અચલગચ્છ જૈન સંઘના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આમંત્રિતો તથા મહેમાનોની સાધર્મિક ભક્તિનો લાભ માતા મૃદુલાબેન અરવિંદ વોરા પરિવારે લીધો હતો. કાર્યક્રમન સફળ બનાવવા ચાતુર્માસ કમિટીના સર્વે સભ્યોએ જહેમત ઉઠાવી હતી. આ પૂજનનો યુટ્યૂબ વિડીયો ૪.૨૫ કલાકનો જોવા માટે https://www.youtube.com/watch?v=4dQSBUzs_PI લિંક ક્લિક કરવી જ્યારે ૨.૧૫ કલાકનો સંક્ષિપ્ત વિડીયો જોવા માટેની યુટ્યૂબ લિંક https://www.youtube.com/watch?v=Mv8biVZGu9M છે.



# હેમંત શાહ લોડાયાની સ્પષ્ટ ભલામણ કેનેડા ભારત પરનો હવાઈ યાત્રા પ્રતિબંધ હટાવી છાત્રોને આવકારે



હેમંત શાહ

કેનેડામાં આવી રહેલા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં કેનેડા બધા છાત્રો માટે સમાન વલણ અપનાવે અને ભારતથી આવતા વિદ્યાર્થીઓ માટેનો પ્રતિબંધ ઉઠાવે તેવી મૂળ કચ્છ-વરાડિયાના કેનેડા સ્થિત ઉદ્યોગપતિ અને ઓવરસીઝ ફ્રેન્ડ્ઝ ઓફ ઈન્ડિયા તેમજ કેનેડા-ઈન્ડિયા ટ્રેડ એન્ડ માર્કેટિંગના ડાયેક્ટર હેમંત માણેકજી શાહ-લોડાયા (ગુંદરવાલા)૦ દ્વારા કેનેડાના વડાપ્રધાન સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

ઓવરસીઝ ફ્રેન્ડના ડાયરેક્ટર હેમંત શાહ એ કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટુડોને પત્ર લખી જણાવ્યું હતું કે, ભારતથી કેનેડાની ઉડાન પર લાગેલા પ્રતિબંધથી હજારો વિદ્યાર્થીઓનું સપનું રોળાઈ રહ્યું છે. ભારતથી કેનેડામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

૨૦૧૯માં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટેનું ત્રીજું સૌથી મોટું સ્થાન હતું. સીઆઈસીના હેવાલ મુજબ ૨૦૨૦માં કેનેડામાં સૌથી વધુ વિદ્યાર્થીઓ ભારતથી આવ્યા હતા. કેનેડાના કુલ વિદેશી વિદ્યાર્થીઓમાંથી ૩૪.૫ ટકાનો ફાળો ભારતનો હતો. ભારતના વિદ્યાર્થીઓ વતી એવી માગણી છે કે તેમને પાછા કેનેડા આવવા દેવાય અને અભ્યાસ શરૂ કરવા દેવામાં આવે. અમેરિકા ખુલ્લા મને વિદ્યાર્થીઓને આવકારે છે ત્યારે કેનેડા નિર્ણય બદલે.

# હૈદ્રાબાદ સિટી સંઘમાં નેમિનાથ પ્રભુજીના જન્મ કલ્યાણકની ઉજવણી થઈ


By the Grace of GOD & with the blessings of elders along with our Daughter

ICSE Boards



93.16%

**MS. KASAK DITESH LODAYA'S**

determination & hard work to achieve this wonderful target. We parents **SHIMUL DITESH LODAYA** are overjoyed to share her ICSE Boards Score of **93.16%**

**PROUD GRANDPARENTS:**
**Smt. Dhavanti Punshi Lodaya Parivar**
**Smt. Rohini Dinesh Sampat Parivar**

**ECSTATIC SISTER:**
Tanisha....

With Best Compliment From :
**Dhanlaxmi Trading Co.**






તેલંગણા રાજ્યની રાજધાની શહેર હૈદ્રાબાદ સિટી સંઘમાં પ.પૂ. સાધ્વીશ્રી લક્ષ્યલીનાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ની પુનિત નિશ્રામાં બાવીસમા તીર્થપતિ નેમિનાથ પ્રભુજીના જન્મ કલ્યાણકજીની ઉજવણી વિવિધ ધર્મ આરાધનો સાથે ભક્તિભાવના માહોલમાં ભવ્યતાથી થઈ સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉમંગભેર સહભાગ લઈ ધન્યતા પામ્યા હતા.

## માટુંગા સંઘમાં સન્ડે ફન્ડે સ્પેશિયલ યુથ એન્કરેજ સીઝનમાં સાયલન્ટ વર્સીસ સ્પીચ વિષય પર મુનિ સાહેબોનો મનનીય પ્રવચન

શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘમાં ઓગસ્ટ માસના પાંચ રવિવારના સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ સુધી ૧૫ થી ૫૫ વર્ષના વય ગટ માટે દર રવિવારે વિવિધ વિરૂધ્ધ વિષય ઉપરની વ્યાખ્યાન શ્રેણી યોજાઈ રહી છે. આ શ્રેણીના બીજા તબક્કામાં તા.૮ ઓગસ્ટ ૨૦૨૧ રવિવારના સાયલન્સ વર્સીસ સ્પીચ વિષય ઉપર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં પ.પૂ.મુનિશ્રી ધર્મશેખરસાગરજી મ.સા. તથા પ.પૂ.મુનિ શ્રી મેઘરક્ષિતસાગરજી મ.સા.એ મનનીય અને જ્ઞાનવર્ધક પ્રવચન આપ્યું. જે ૩.૧૮ કલાકનો યુટ્યુબ પર વિડીયો જોવા માટે લીંક https://youtu.be/KUpjmeT9B8c ઉપર ક્લિક કરવું અને ઘરબેઠા ધર્મ જ્ઞાનનો લાભ લેવો.

## ભાંડુપ સંઘમાં ૐ હ્રીં નમો લોએ સવ્વ સાહૂણમના ૮૧ લાખ જાપ થયા

તા.૭ ઓગસ્ટ શનિવાર દિને સવારે ૬ કલાકેથી પ.પૂ.ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ના આશીર્વાદ એવમ યુવા મુનિ પ.પૂ.ગુણવલ્લભસાગરજી મ.સા.ની દિવ્ય પ્રેરણાથી ભાંડુપ સંઘમાં ૐ નમો લોએ સવ્વ સાહૂણમની ૧૨૫ માલાની જાપમાં ૬૦૦ આરાધક જોડાઈ કુલ્લ ૮૧ લાખ જાપ આજના દિવસે સંપન્ન થયા. સૌ મંત્ર આરાધકોની અનુમોદના અને પ્રેરણા દાતા પરમ ઉપકારી ગુરૂદેવને કોટિ કોટિ વંદના.

આ આરાધના કરવાથી દુઃખથી મુક્તિ, દોષમાંથી મુક્તિ, આસક્તિથી મુક્તિ, વિકારથી મુક્તિ, પાપ મુક્તિ, સંસાર મુક્તિ, અશુભ કર્મ મુક્તિ થાય છે. શાંતિ સમાધિ, સદ્‌તિદાયક સાધના જાપનો પ્રભાવ અદ્વિતીય છે.

## વર્ધમાન નગર તીર્થ સંઘમાં હૈયાના ઉછળતા ભાવથી ગિરનાર મહાતીર્થની ભાવયાત્રા કરાવવામાં આવી





ભુજ પરિસરના વર્ધમાન નગર સંઘના આંગણે વિમલનાથ દાદાના સાનિધ્યમાં અજોડ શાસન પ્રભાવક ૨૧મા વર્ષીતપના તપોનિધિ સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ની કલ્યાણકારી નિશ્રામાં ૨૨મા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનના જન્મ/દીક્ષા કલ્યાણકના શુભ અવસરે વિધિકાર દીપકભાઈ કોઠારી, સંગીતકાર નિકેશભાઈ દેઢિયાના સથવારે આવતી ચોવિશના ચોવિશે તીર્થંકરોની નિર્વાણભૂમિ શ્રી ગિરનાર મહાતીર્થની ભાવયાત્રાનો સુંદર આયોજન રંગ ઉમંગભેર કરવામાં આવ્યો. તપસ્વીઓને ગિરનાર મહાતીર્થની યાત્રા કરાવવા અનેક દાતા પરિવારે તૈયાર થયા.

લાભાર્થી પરિવાર શ્રીમતી જયાબેન પ્રબોધભાઈ હીરાચંદ મુનવર કોઠારા હાલે વર્ધમાન નગર.



# મિલે સૂર હમારા અને માનવ જ્યોત દ્વારા દેશભક્તિ ગીતોનો કાર્યક્રમ યોજાયો




પંદરમી ઓગષ્ટ સ્વાતંત્રદિનની પૂર્વ સંધ્યાએ ''મિલે સુર હમારા વુમન્સ કરાઓકે સિંગિંગસ્ટાર'' અને માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા એકમ ભવન ભુજ મધ્યે દેશભક્તિ ગીતોનો કાર્યક્રમ ભુજ નગરપાલિકા ઉપપ્રમુખ શ્રીમતિ રેશ્માબેન ઝવેરી, કચ્છ જીલ્લા ભાજપ મહિલા મોરચાનાં અધ્યક્ષા ગોદાવરીબેન ઠક્કર, પૂર્વ ઉપપ્રમુખ સુશીલાબેન આચાર્ય, શ્રદ્ધા હાઇસ્કુલ કોલેજ માધાપરનાં આચાર્યા રીટાબેન અધ્યારૂ, કલ્પનાબેન ચોથાણીના અતિથિ વિશેષ પદે યોજાયો હતો. પ્રારંભે મિલેસૂર હમારા સંસ્થાનાં પ્રમુખ શ્રીમતિ પૂજાબેન અયાચીએ મહેમાનોનું સ્વાગત કર્યુ હતું. સંસ્થાનાં દરેક બહેનોએ દેશભક્તિનાં ગીતો રજુ કર્યા હતા. દિવ્યાંગ માતા-પિતા રેણુકાબેન અને મેહુલભાઇ કેશવાણીની ૧૦ વર્ષીય પુત્રીએ દેશભક્તિનું ગીત રજુ કરી સૌનાં દિલ જીત્યા હતા. ઉપસ્થિત આગેવાનોએ તેને રોકડ પુરસ્કારથી નવાજેલ. દરેક બહેનોનાં દેશ-ભક્તિનાં ગીતો એક-બીજાથી ચડિયાતા અને સંગીતનાં સથવારે રજુ કરાયા હતા. જેને દર્શકોએ તાડીનાં ગડગડાટથી વધાવેલ.

પૂજાબેન અયાચી, જીજ્ઞાબેન ડાભી, રક્ષાબેન ઠક્કર, હાર્દિ ગોર, સરોજબેન શુક્લા, તન્વી પોમલ, ઐશ્વર્યા કેશવાણી, કલાબેન રાવલ, ભારતીબેન ભાટિયા, હેમાલી ઠક્કર, વર્ષાબેન ડાભી, બંસરીબેન ઠક્કરે દેશભક્તિ ગીતો રજુ કર્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત શ્રી ગોદાવરીબેન ઠક્કરે બંને સંસ્થાની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. અને ભાગ લેનાર સર્વે બહેનોને અભિનંદન આપ્યા હતા. ભુજ નગરપાલિકા ઉપાધ્યક્ષ શ્રીમતિ રેશ્માબેન ઝવેરીએ જણાવ્યું હતું કે, બીજાનાં આનંદ માટે ફાળવેલ સમય પણ સેવા છે બધાય દેશભક્તિનાં રંગે રંગાયા છીએ. સંગીતથી ખૂબ જ સરસ સાધના થઇ રહી છે. સ્ટેજ ઉપર આવીને સરસ રીતે ગાઇ જવુંએ કાબીલે દાદ છે.

રીટાબેન અધ્યારૂએ જણાવ્યું હતું કે, સુંદર સાંજે સુંદર દેશભકિત ગીતો સાંભળવા મળ્યા. સંગીતથી માંદગી અને માનસિક ત્રાસમાંથી મુક્તિ મળે છે. સુશીલાબેન આચાર્યે બંને સંસ્થાઓની પ્રવૃત્તિને બિરદાવી હતી. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળનાં સિનિયર પેરાલીગલ વોલીન્ટીયર શ્રી પ્રબોધ મુનવરે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત મહિલાઓને મહિલાઓ માટેના કાયદાની સમજ પૂરી પાડી હતી.

કાર્યક્રમનું સંચાલન અનિતાબેન વર્મા તથા હેતલબેન ગોરે જયારે આભાર દર્શન પૂજાબેન અયાચીએ કરેલ. ભાગ લેનાર દરેક બહેનોને માનવજ્યોત દ્વારા સન્માનિત કરવામાં આવેલ. વ્યવસ્થામાં સુરેશભાઇ માહેશ્વરી, શંભુભાઇ જોષી, આનંદ રાયસોની, રફીક બાવા, મુરજીભાઇ ઠક્કર, નરશીંભાઇ પટેલે સહકાર આપ્યો હતો.

# સાંધવ નગરે નેમનાથ દિક્ષા કલ્યાણક નિમિત્તે અને પ.પૂ.અચલગચ્છાધિપતિ આ.ભ.ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રથમ પુણ્યતિથિએ જીવદયા કાર્ય થયું

અબડાસા પંથકના સાંધવ નગરે શાંતિનાથા દાદાની શીતલ છાયામાં પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. અને દિકરી મ.સા.પ.પૂ.સાધ્વીશ્રી હિરગુણાશ્રીજી મ.સા. તથા આદિ ઠાણાની પ્રેરણાથી પ્રાણી રક્ષા દિન નિમિત્તે નેમનાથ દિક્ષા કલ્યાણક નિમિત્તે અને પ.પૂ.અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની પ્રથમ પુણ્યતિથિ અવસરે શ્રી ક.દ. ઓ.જૈન જ્ઞાતિ મહાજન સાંધવ તરફથી જીવદયામાં રૂા.૨૫૦૦/- સાંધવ જૈન સંઘ તરફથી સાંધવ નગરના વથાણમાં ગાયોને ગોળ ખવડાવવામાં આવેલ અને પશુ જીવોને વાજતે ગાજતે માંગલિક અને નવકાર મંત્ર સંભળાવવામાં આવેલ.

# અભિનંદન



## ચિ.દિસા પ્રિયકાંત દંડ

**B.E. in Electrical Engineering 81.64%**

કરી ઉપાસના થયાં પ્રસન્ન માતા સરસ્વતી...
પ્રાપ્ત થઈ યશલબ્ધિ, પૂર્ણ થઈ સ્વપ્નપૂર્તિ...

શૈક્ષણિક ક્ષેત્રે મેળવેલી સફળતા બદલ
ખુબ ખુબ અભિનંદન તથા ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ
હજી પણ આગળ ખુબ પ્રગતિ કરો અને કુટુંબનું નામ રોશન કરજો

-:: શુભેચ્છક ::-

દાદી-દાદા : માતુશ્રી લીલબાઈ માણેકજી દંડ (સાંધવ)
નાની-નાના : માતુશ્રી જયા લક્ષ્મીચંદ મોમાયા (સુથરી)
મમ્મી-પપ્પા : મીના પ્રિયકાંત દંડ

પ્રિયકાંત માણેકજી દંડ-૯૯૩૦૬૬૦૮૧૩

# સંયમી રત્ન પ.પૂ.સાધ્વીશ્રી હર્ષનિધિશ્રીજી મ.સા.ને P.hd ડિગ્રી પ્રદાન થઈ






ખાનદેશરત્ના પ.પૂ.ડો.જયદર્શિતાશ્રીજી મ.સા. ની પ્રેરણાથી, શ્રી શત્રુંજય એકેડેમી દ્વારા સંચાલિત શ્રી શત્રુંજય મૂક્તિ સમ્યક્જ્ઞાન અભ્યાસક્રમ છેલ્લા દસ વર્ષથી ચાલી રહ્યો છે. અત્યંત હર્ષની વાત છે કે બે હજાર વિદ્યાર્થીઓ આ અભ્યાસક્રમમાં ઉત્તીર્ણ થયા છે. આ વર્ષે; પ્રથમ વાર,પરમ પૂજ્ય મહોદયાશ્રીજી મહારાજ સાહેબ તથા પરમ પૂજ્ય શ્રી યશોદયાશ્રીજી મહારાજ સાહેબના સુશિષ્યા પરમ પૂજ્ય શ્રી હર્ષનિધીશ્રી મહારાજ સાહેબ તથા સુશ્રાવિકા શ્રીમતી ઉષાબેન ખિરેન્દ્ર લોડાયાએ આ અભ્યાસક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કરી ડૉક્ટર ઓફ જૈનિઝમની પદવી હાંસલ કરી છે! તેમની આ ઉપલબ્ધિ ફક્ત એમના માટે જ નહીં બલકે એકેડેમી માટે પણ ખુબ જ ગર્વની વાત છે.



શ્રાવણ સુદ એકમ, રવિવાર, તારીખ ૮/૮/૨૦૨૧ના, શ્રી દેવલાલી જૈન શ્વેતાંબર તીર્થ ટ્રસ્ટ દ્વારા શ્રી શાંતિનાથ જૈન દેરાસર દેવલાલી મધ્યે શ્રી સિધ્ધચક્રના સંગીતમય અનુષ્ઠાન દરમિયાન યોજાયેલ ભવ્ય અનુમોદન ઉત્સવ પ્રસંગે, પરમ પૂજ્ય શ્રી હર્ષનિધીશ્રી મહારાજ સાહેબને શત્રુંજય એકેડેમી દ્વારા સંચાલિત 'શ્રી શત્રુંજય મૂક્તિ સમ્યક્જ્ઞાન અભ્યાસક્રમ' અંતર્ગત ડોક્ટર ઓફ જૈનિઝમની પદવી પ્રદાન કરવામાં આવી હતી. શ્રી પાર્શ્વ જય ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી શ્રી મનીષભાઈ લોડાયા (ચાલીસ ગામ ) તથા કેતનભાઇ લોડાયા (નાશીક) ઉપસ્થિત હતા. એકેડેમી તરફથી શ્રીમતી કાશ્મિરાબેન લોડાયા, શ્રીમતી શિલ્પાબેન અજાણી અને શ્રીમતી દિપાબેન લોડાયા હાજર હતાં. શ્રીમતી કાશ્મિરાબેન લોડાયાએ અભ્યાસક્રમનો પરિચય આપ્યો હતો અને શ્રીમતી શિલ્પાબેન અજાણીએ વર્તમાનમાં ધર્મ શિક્ષણની વધતી જતી જરૂરિયાત તથા ઉપયોગિતા વિશે સુંદર વક્તવ્ય રજૂ કર્યું હતું. સર્વ મહેમાનોની મોજૂદગીમાં એકેડેમી તરફથી પ.પૂ. હર્ષનિધીશ્રીજી મ.સા.ને, 'નવપદમય મંત્રાધિરાજ સિદ્ધચક્ર' વિશેના તેમના શોધનિબંધ માટે, ડોક્ટરેટનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું. ત્યાર બાદ પ.પૂ.ડો. હર્ષનિધીશ્રીજીમહારાજ સાહેબે, આ આખીય યાત્રા ના પોતાના સંસ્મરણો તેમજ પ્રતિભાવો વ્યક્ત કર્યા હતાં.

આવતા વર્ષ માટે પ્રવેશની પ્રક્રિયા હજુ ચાલુ છે, તો નાના-મોટા સૌ આ તકનો લાભ લઈ અવશ્ય આ અભ્યાસક્રમમાં જોડાશો!

# “સેહત કા સફર .. ઈક નઝર” પરબ ‘યૂ-ટ્યૂબ’ પર







કોવિડ મહામારીના આ કપરાં સમયમાં સારૂ સ્વાસ્થ્ય એજ આપણી સાચી મૂડી છે અને તે મૂલ્યવાન મૂડીના સંરક્ષણ તથા સંવર્ધન માટે પરબ શક્તિ સંજીવની સોસાયટીના નેજા હેઠળ, તા. ૧૨ મે ૨૦૨૧ ના ‘સ્વાસ્થ્ય સંજીવની‘ પ્રકલ્પની પ્રથમ કડી પ્રતિક્ષાને પેલે પાર શરુ થઇ હતી. યોગ પ્રયોગ, ધ્યાન વિજ્ઞાન, પોષક આહાર તથા માનસિક તથા ભાવાનાત્મક સુખાકારી જેવા વિષયો આવરી લેતી, જે-તે ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા સંચાલિત, ફક્ત કન્યાઓ તથા મહિલાઓ માટેની, આરોગ્યમય જીવન માટેનું સચોટ માર્ગદર્શન આપનારી ત્રણ મહિનાની આ વેબીનાર શૃંખલાની પ્રથમ કડીનો ઇ-સારાંશ સમારંભ “સેહત કા સફર .. ઈક નઝર”, મંગળવાર, તા. ૧૨મી ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ, બપોરે ૩.૦૦ વાગ્યે, ‘ઝૂમ‘ પર યોજાયો હતો અને ‘યૂ-ટ્યૂબ‘ પર તેનું "live streaming' પણ કરવામાં આવ્યું હતું.

પ્રારંભમાં નવકાર મંત્ર ગાયન બાદ શ્રીમતી પારૂલબેન મોતા દ્વારા પરબના ઇતિહાસનો ચિતાર તથા દિવંગત સભ્યોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. ત્યાર બાદ મુખ્ય અતિથિઓ; Pilates expert અને ઇન્ટેજિમ સંસ્થાપક શ્રીમતી માધુરી રૂઇઆ તેમજ યોગ વિશેષજ્ઞ શ્રીમતી આશા સોનીનો સચિત્ર પરિચય આપવામાં આવ્યો. તે પછી સ્વાસ્થ્ય સંજીવનીની શરૂઆત અને તેની ત્રણ મહિનાની યાત્રાની એક ઝલક રજૂ કરવામાં આવી. સહભાગીઓની પ્રતિક્રિયાઓથી સ્પષ્ટ રીતે સમજાયું કે આ કાર્યક્રમમાં જોડાવાથી તેમને કેટલો દૂરગામી અને ઊંડો લાભ થયો છે. પરબની ટેકનિકલ ટીમના શ્રીમતી જાસ્મિની શાહ, કુ. ઊર્જા શાહ અને કુ. વેદા શાહ તથા ટ્રેનર્સના પરિચયના વિડિયો પછી બાહ્ય ટ્રેનર્સ શ્રી પાર્થ રેલે તેમજ સુશ્રી દીપા શેટ્ટી અને પરબના પોતાના ઇન-હાઉસ ટ્રેનર્સ ડો. અમી શાહ તેમજ શ્રીમતી દિપ્તી લોડાયાના વક્તવ્ય હૃદય રજૂ કરવામાં આવ્યા. વેબીનાર વિશેષજ્ઞો ડો. ગૌતમ લોડાયા, સુશ્રી હેમલ લોડાયા તેમજ મુખ્ય અતિથિઓએ પોતાના પ્રતિભાવો આપતા ખુલ્લા દિલથી આ આખાય પ્રકલ્પના ખૂબ વખાણ કર્યા. સ્વાસ્થ્ય-સતર્ક મહિલાઓની સર્વગ્રાહી આરોગ્ય યાત્રાના સ્વાગત પ્રવચનથી માંડીને અંત સુધી સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી શિલ્પા અજાણી દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રીમતી પારૂલબેન મોતાએ આભારવિધિ કરી કાર્યક્રમ સમાપ્ત કર્યો.

વિડીયો લીંક https://youtu.be/sC0DaZtopyI આ ઓનલાઈન પ્રોગ્રામના આવતા બેચ માટેના રજીસ્ટ્રેશન હાલ ઉપલબ્ધ છે.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# ઘાટકોપર સંઘમાં જીરાવલ્લા દરબારે છ વર્ષની બાલિકાના પાંચમી આયંબિલ ઓળી તપની ભવ્ય આરાધનામાં પ્રવેશ





ઘાટકોપર સંઘના આંગણે જીરાવલ્લા પાર્શ્વ દરબારે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના મંગલ આશિષ તથા સંઘમાં ચાતુર્માસાર્થે બિરાજમાન નિરંજન-પુણ્ય-વિપુલ પરિવારના પ.પૂ.સાધ્વીશ્રી સૌમ્યગુણાશ્રીજી, પ.પૂ.સાધ્વીશ્રી ભવ્યગુણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રા પ્રેરણાથી ગામ ફરાદીના દાદી-દાદા રમિલા દામજીભાઈ વીરા અને મમ્મી-પપ્પા પ્રિયંકા સાહિલ વીરાની ૬ વર્ષ વયની લાડકી દુહિતા વિહા નાનકડી વયમાં મોટું પરાક્રમ કરી વર્ધમાન તપનો પાયો નાખી રહી છે. તેણી ચોથી ઓળી શાતાપૂર્વક પૂર્ણ કરી પાંચમી ઓળીમાં પ્રવેશ કર્યો છે.

બાલિકાની આ પરાક્રમ ભરી સિધ્ધિનો સત્કાર કરતા સંઘ દ્વારા તેનું વિશેષ બહુમાન કરાયેલ તેના ઘરના સૌ આ તપમાં સુંદર સપોર્ટ કરે છે. પૂજ્ય સાહેબો દ્વારા ઘર ઘર આયંબિલ તપની આરાધના થાય એનો પ્રચાર-પ્રસાર ચાલુ છે. કુ. વિહાના દાદા અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘની વ્યવસ્થાપક સમિતિના સભ્ય છે.

# વસઈ સંઘમાં રવિ પુષ્પ નક્ષત્ર નિમિત્તે વર્ધમાન શક્રસ્તવ અભિષેક થયા

રવિવાર તા.૮ ઓગસ્ટના રોજે વસઈ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી નીતિગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ની નિશ્રામાં રવિ પુષ્પ નક્ષત્ર નિમિત્ત પ્રસંગે વર્ધમાન શક્રસ્તવ અભિષેક ધર્મભાવના માહોલમાં થયા હતા.



# ભાંડુપ સંઘમાં પાઠશાળાનો મેળાવડો સમાપન થયો

રવિવાર તા.૮ ઓગસ્ટના સવારે ભાંડુપ નગર સંઘમાં આદિનાથ દાદાની શીતલ છાયામાં પાઠશાળાનો મેળાવડો આધ્યાત્મિક યોગી પ.પૂ.મુનિરાજ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને ઓજસ્વી યુવા પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની શુભકારી નિશ્રામાં સમાપન થયો. સંઘના બાળકો અને બાલિકાઓ વિવિધ વેશભૂષા ધારણ કરી પોતાની કલા, અભિનય અને કંઠના કામણ છલકાવ્યા હતા.



# ખામગામ સંઘમાં ત્રિદિવસીય મહોત્સવમાં ધર્મ આરાધનાઓ થઈ






તા.૧૧ ઓગસ્ટ બુધવાર દિને ખામગામ સંઘમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના પ્રથમ પુણ્ય સ્મરણ કાજે આયોજિત ત્રિદિવસીય મહોત્સવના પ્રથમ દિવસે સ્નાત્ર મહોત્સવનું ભવ્ય આયોજન પ.પૂ. સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ની નિશ્રામાં થયું. આ ધર્મ આરાધનામાં ૧૦ વર્ષ સુધીના બાલક બાલિકાઓ ઈન્દ્ર મહારાજ તથા છપ્પન દિગ કુમારી બનીને સહભાગ લીધો. તેઓને લાભાર્થી દાતા દ્વારા પુરસ્કૃત કરાઈ ખુશ કરાયા હતા. સ્નાત્ર પૂજાના લાભાર્થી સૌ. રાજશ્રીબેન નરેન્દ્રભાઈ શાહ રહ્યાં હતાં. બહુશ્રુત આર્ટિસ્ટ હર્ષા એમ.નાગડા અને તેમની ટીમની બહેનોએ સુંદર રંગોળી રચી ભક્તિ કરી હતી.

તા.૧૨ ઓગસ્ટ ગુરૂવારના સૌ પુષ્પાબેન રસિકભાઈ શાહના જન્મદિવસ ખુશીમાં શ્રી ગિરનાર ભાવયાત્રા થઈ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉમળકાભેર જોડાયા હતા. સવારે નવ કલાકે આવનારને કૂપન અપાયા. જેમાં ડ્રો દ્વારા પાંચ જણને ગીફ્ટ અપાઈ હતી. દેવજી ખીમજી મંગલ કાર્યાલયનું સુશોભન હર્ષાબેન નાગડા અને મંડાલા ગ્રુપની બહેનો સારી જહેમત કરી હતી. આનંદ નાગડા એલસીડી પ્રોજેક્ટર સંભાળ્યું હતું. પ્રિતેશ શાહ અને ટીમ મ્યૂઝિક વ્યવસ્થા સંભાળી હતી અને બહુશ્રુત કલાકાર સિધ્ધાર્થભાઈ અને પ્રમોદભાઈ શાહ પ્રતિભા ઝળકાવી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.





# બાંદરા (વેસ્ટ) સંઘમાં શ્રી સીમંધર સ્વામી સંવેદના અનુષ્ઠાન થયા




મુંબઈ મહાનગરના વેસ્ટર્ન રીજનના બાંદરા (વેસ્ટ) સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી હર્ષગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં રવિવાર તા.૮ ઓગસ્ટના દિને શ્રી સીમંધર સ્વામીની સંવેદનાનું અનુષ્ઠાન આયોજિત કરાયા હતા. સંઘના ઉત્સાહિત શ્રાવક શ્રાવિકાઓ વિવિધ રંગોળી કલા સાથે સુંદર સુશોભન કર્યું હતું અને ઉત્સાહભેર રીતે ધર્મ લાભનો લ્હાવો લીધો હતો.

# સાંયરા નગરે પર્યુષણ પર્વ પ્રસંગે પધારવા ક.દ.ઓ.સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ દ્વારા આમંત્રણ

અબડાસા પ્રાંતના સાંયરા નગર સંઘમાં તા.૪ સપ્ટેમ્બરથી તા.૧૧ સપ્ટેમ્બર સુધી પર્યુષણ મહાપર્વ પ્રસંગે પ.પૂ. સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા ૮ દિવસ અવધિ માટે પધારશે.

કોરોના પરિસ્થિતિને કારણે કલ્પ સૂત્ર પોથી, પારણાનો વરઘોડો બંધ રાખવામાં આવેલ છે. જેની નોંધ સાંયરા ગામવાસીઓ તથા નિયાણી બહેનોએ લેવી. સ્વપ્ન તથા વાર્ષિક ચડાવા લક્કી ડ્રોના રૂા.પાંચ હજાર લખાવીને લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવાનો લાભ લેવા વિનંતી. વહેલો તે પહેલાના ધોરણે આવો લ્હાવો લાભ ચૂકતા નહીં.

પ્રભાવનાનો રોજનો નકરો રૂા.૩૫૦૦ (દિવસ ૮) ભક્તામરનો રોજનો લક્કી ડ્રોનો નકરો રૂા.૧૧૦૦ (દિવસ ૭) તા.૩ થી તા.૧૨ સપ્ટેમ્બર સુધી સાધર્મિક ભક્તિના દાતા માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા પરિવાર સાંયરા ઉજ્જૈન, તા.૧૩ અને તા.૧૪ સપ્ટેમ્બરના ચૈત્ય પરિપાટીના દાતાા માતુશ્રી મુરબાઈ જવેરચંદ વેલજી લોડાયા પરિવાર સાંયરા રાયપુર હસ્તે અ.સૌ.ગીતા હરીશ લોડાયા, અ.સૌ.કલ્પના ચેતક લોડાયા, અ.સૌ.ઈલા અજય સોની.

સ્વપ્ન દર્શનના નકરા, ચડાવા મહાજન ટ્રસ્ટ અને ધાર્મિક સમિતિએ નક્કી કરેલ છે. મોક્ષની બારી ઉદ્‌ઘાટન રૂા.૫૦૦૦/, કલ્પસૂત્ર પોથી રૂા.૫૦૦૦/-, ૧૪ સ્વપ્ન દરેક સ્વપ્ન ઝૂલાવવાનો નકરો રૂા.૫૦૦૦/-. દરેક સ્વપ્ન પાટ ઉપર પધરાવવાનો નકરો રૂા.૫૦૦૦/-, પારણુ રૂા.૫૦૦૦/-. સંવત ૨૦૭૮ કારતક સુદ ૧ થી આસો વદ અમાવસ્યા સુધી પ્રભુજીની અષ્ટકારી પૂજાનો નકરો વાસક્ષેપ પૂજા, પક્ષાલ/નમણ, અંગ લુછણાં, ચંદન કેસર, પુષ્પ પૂજા, ધૂપ, અગરબત્તી, અખંડ-દિપક, અક્ષત પૂજા, નૈવેદ, ફળપૂજા, ઉકાળેલ ગરમ પાણી આ દરેક નકરા-ચડાવા રૂા.૫૦૦૦/- છે.

કોઈપણ સ્વપ્ન અને વાર્ષિક ચડાવવાનો લાભ ૪૧ જણને લોટરી સિસ્ટમથી લક્કી ડ્રોથી ભાગ્યશાળીને લાભ આપવામાં આવશે. લક્કી ડ્રોમાં નામ નહીં લાગે તો ભોજનશાળા, ફોટા યોજના સ્કિમમાં લાભ આપવામાં આવશે. તા.૧૭ ઓગસ્ટથી ફોટા યોજના સ્કિમ રૂા.૧૧ હજાર કરવામાં આવશે તો આપના નામ વોટસઅપ મેસેજથી ઉછામણી ચડાવા માટે તા.૧૭ ઓગસ્ટ સાંજે ૫ વાગ્યા સુધી મોકલવા. બેંક ડિટેલ Kuchi Dasha Oshaval Jain Mahajan, Sayra. Bank Name : Bank of Baroda, Branch : Kothara-Kutch, A/c No.90730100005231, IFSC Code : BARBODBKTHR & MICR 370012543.

રકમ બેંકમાં જમા કર્યા બાદ વોટસઍપ ઉપર રતિલાલભાઈ ધ્રોળ-૯૮૨૦૮૬૫૮૦૬ અથવા ૯૭૨૪૩૮૨૨૩૨ ઉપર જાણ કરવા વિનંતી જેથી રસીદ તરત મોકલી આપવામાં આવશે. એવી સૂચના શ્રી ક.દ.ઓ.સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ દ્વારા અપાઈ છે.

## ગુરૂ ગુણોદય સ્મૃતિ પર્વ મહોત્સવ અંતર્ગત ભુજ સંઘમાં ઉપકરણ વંદનાવલી થઈ





કચ્છના ભુજનગર સંઘમાં ગુરૂ ગુણોદય સ્મૃતિ પર્વ મહોત્સવ અંતર્ગત પ.પૂ.મુનિરાજ શ્રી રાજરત્નસાગરજી મ.સા.ની નિશ્રામાં તા.૧૨ ઓગસ્ટ ગુરૂવારના ઉપકરણ વંદનાવલી રાખવામાં આવેલ. પ.પૂ.મુનિરાજ શ્રી ભાગ્યોદયસાગરજી મ.સા.એ ઉપકરણનું જીવનમાં મહત્વ સમજાવેલ અને શ્રાવક જીવનનું લક્ષ્ય સંયમ જ હોય એવી ભાવના ભાવવી જોઈએ એવું જ્ઞાનમય રીતે સમજાવ્યું હતું.

# માંડવી સંઘમાં શ્રી નવકાર મહામંત્ર જાપ અનુષ્ઠાન સંપન્ન




કચ્છ પ્રદેશના રમણીય બંદરીય નગર માંડવીના અચલગચ્છ જૈન સંઘના આંગણે તા.૮ ઓગસ્ટ રવિવારના રવિ પુષ્ય નક્ષત્ર યોગના પવિત્ર દિવસે સુવિશાલ વાગડ સમુદાયના ગચ્છાધિપતિ પ.પૂ.સા.શ્રી કલ્પતરૂસૂરિશ્વરજી મ.સા. તથા પ.પૂ. સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી, પ.પૂ.સાધ્વીશ્રી અનંતયથાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૧૪ના મંગલમય નિશ્રામા શ્રી નવકાર મહામંત્ર જાપ અનુષ્ઠાન યુવા વિધિકાર ડૉ. હર્ષ દેઢિયાના સંગીતમય સથવારે તથા લધાભાઈ દેરાજ પટેલ સાંયરાવાલાના સહયોગથી ભક્તિમય માહોલમાં સંપન્ન થયા.




# જખૌ તીર્થ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી પાવનગુણાશ્રીજી મહારાજ સાહેબની ૫૦મી આયંબીલ ઓળીના પારણા થયા




જખૌ તીર્થ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી પાવનગુણાશ્રીજી મ.સા.ની ૫૦મી સુર્વણ આયંબિલ ઓળીના પારણા તલકચંદ ભવાનજી મોમાયાના ઘરે રાખવામાં આવેલ. એ નિમિત્તે સકલ સંઘના શ્રાવક શ્રાવિકોઓ સહર્ષ એમના ઘરે પધારેલ અને પૂજ્ય સાહેબના દર્શન વંદનનો લાભ અને નવકારશીનો લ્હાવો પામ્યા હતા.

# હૈદ્રાબાદ સિટી સંઘમાં ૫ રવિવારીય પૌષધમાં ૩૨ બાળકો જોડાઈ ધર્મ આરાધના કરી





તેલંગણા રાજ્યના પાટનગર હૈદ્રાબાદ સિટી સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી લક્ષ્યલીનાશ્રીજી મ.સા.ની પુનિતકારી નિશ્રામાં નાના બાળકો માટે ૫ રવિવારીય પૌષધ સહ એકાસણા અંતર્ગત તા.૮ ઓગસ્ટ રવિવાર એટલે આ ધર્મ આરાધનાના ત્રીજા રવિવારે ૩૨ બાળકો સહર્ષ જોડાયા અને ધર્મ આરાધનાઓ ભાવપૂર્વક કરી હતી.

નાના બાળકોમાં નાનપણથી જ પૌષધ સંસ્કારનું રોપણે તેમને સાધુ-સાધ્વીજી ભગવંતો પ્રત્યે વિશેષ આદર ભાવ અપાવે છે.

## ખામગામ સંઘમાં મહાલક્ષ્મી માતાજીની ધર્મઆરાધના ભવ્ય રીતે થઈ





ખાનદેશ પ્રાંતના શ્રી જૈ શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં તા.૮ ઓગસ્ટ રવિવારના શ્રી મહાલક્ષ્મી માતાજીની આરાધનાનો તૃતીય પુષ્પ સંઘના શ્રાવક શ્રાવિકાઓના સહભાગ સાથે ભવ્ય રીતે સંપન્ન થયો.

સંઘના શ્રાવક પરિવાર જેઓ શ્રીયંત્ર લીધા હતા તેઓ સવારે ૮.૪૫ કલાકે શ્રીયંત્ર સાથે મંગળ કાર્યાલય પહોંચી ગયા હતા. અત્રે તેઓને પૂજન સામગ્રી અપાઈ હતી. પૂજન આરાધનાના મુખ્ય લાભાર્થી શ્રીમતી સરયૂબેન કાંતિલાલ શાહ પરિવાર રહ્યાં હતા. સંઘના શ્રાવિકા અને અત્રેના કલા આર્ટિસ્ટ હર્ષા એમ. નાગડાએ આકર્ષક અને કલર ફૂલ રંગોળી દ્વારા સજાવટ કરી હતી.

# સાંધવ નગર સંઘમાં પુષ્પ નક્ષત્ર વિશેષ આરાધના સંપન્ન થઈ





કચ્છ પ્રદેશના અબડાસાના પ્રાંતના સોહામણા સાંધવ નગર સંઘમાં શ્રી શાંતિનાથ દાદાની શીતલ છાયામાં રવિવાર તા.૮ ઓગસ્ટના દિને પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા.ની શુભ મંગલ નિશ્રામાં પુષ્પ નક્ષત્ર પ્રસંગે વિશેષ આરાધના કરાઈ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉમંગભેર જોડાઈ ધર્મ લાભ લીધો હતો.

# અભિનંદન... અભિનંદન...



મહેક જિગ્નેષ મોતા
(રાપર ગઢવારી) હાલ મુલુંડ
**91.33%**
**HSC Arts**



તુહિન મહેન્દ્ર ગોસર
(બાયઠ) હાલ થાણા
**90.00%**
**HSC Commerce**



નંદિની પિયૂષ ખોના
નલિયા હાલ ડોંબિવલી
**65.50%**
**HSC**



દિસા પ્રિયકાંત દંડ
સાંધવ
**81.64%**
**B.E.Electrical Eng.**


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**
**Email : gyatimaiya2018@gmail.com**
**Whats App : 93222 57731**
**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● સરહદી ક્ષેત્રે કચ્છ જિલ્લામાં નર્મદાનું પૂરમાં વહી જતું વધારાનું ૧ મિલિયન એકર ફીટ પાણી પહોંચાડવાનું ગુજરાતના મુખ્ય પ્રાન વિજય રૂપાણીએ ઐતિહાસિક અને જનહિતનો નિર્ણય જાહેર કરતા સમગ્ર કચ્છમાં હરખ હેલી ઉમટી હતી. જે માટે રૂ.૩૪૭૫ કરોડના કામો હાથ ધરવા સૈદ્ધાંતિક મંજૂરી પણ આપી હતી. રાપર, અંજાર, માંડવી, મુંદરા, ભુજ અને નખત્રાણા એમ છ તાલુકાના ૯૬ ગામોની ૨ લાખ ૩૫ હજાર એકર જમીનને નર્મદાના પાણી મળતા થશે.

● નર્મદાના વધારાના પાણીની કચ્છ માટેની ફાળવણીની યોજના અંતર્ગત કચ્છના સારણ જળાશય સહિત ૩૮ જળાશયોમાં નર્મદાનું પાણી ભરવાની યોજના છે. દુકાળના દર્દથી દાઝતા અને પાણીની અછતથી અકળતા કચ્છના કિસાનોનો દુઃખ દૂર કરવા સિંચાઈની સંજીવની સમાન મા નર્મદાના ૧૦ લાખ એકર ફીટ પાણી પુરા પાડવાની વ્યાયામમાં સારણ અને રાપરના જળાશયો ભરીને રાપર અને અંજાર તાલુકાના ખેતીમાં પ્રાણ ફૂંકાશે. ત્યારબાદ ભુજ, માંડવી, મુંદરા અને નખત્રાણા તાલુકાની ખેતીને સિંચાઈની સંજીવની પહોંચાડશે.

● અબડાસા તાલુકાના ૧૦ ગામોમાં મનરેગા યોજના હેઠળ ૨૫ લાખ રૂ.ના ખર્ચે વરસાદી પાણી સંગ્રહ-રેઈન વોટર હાર્વેસ્ટીંગના ૧૬ કામો શરૂ કરાયા છે. જેમાં નલિયામાં ૩ કામો, બેરમોટીમાં ૧, ચપરોડી મોટીમાં ૧, ડુમરામાં ૨, કોઠારામાં ૨, મોથાળા, નરેડી, તેરા પ્રત્યેકમાં ૨ તથા વાયોરમાં ૧. આ કામોમાં દર લાખ ચોત્રીસ હજાર પાંચસો લીટર પાણીનો સંગ્રહ થશે.

● ગુજરાત સંગીત નાટ્ય અકાદમી દ્વારા 'કલ કે કલાકાર' શાસ્ત્રીય મહોત્સવનું આયોજન વડનગરની તાનારીરી પર્ફોર્મિંગ આર્ટસ કોલેજ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ભારતીય શાસ્ત્રીય નૃત્ય શૈલી કથ્થકમાં ફાઈનલ વિજેતા ભુજની યેશા એલ. ઠક્કરને કોલેજના નૃત્ય વિભાગના હેડ ડૉ. શીતલ બારોટના હસ્તે એવોર્ડ એનાયત કરાયો.

● કોરાના કાળના કપરા સમયમાં દરેક ક્ષેત્રના ધંધા રોજગાર પડી ભાંગ્યા છે. મજુરી પણ મળવી મુશ્કેલ છે તેવામાં વન વગડાની પેદાશ લીંબોળીઓ મજુરવર્ગ માટે આશીર્વાદ રૂપ બની છે. જિલ્લામાં લીંબડાના વૃક્ષ પર લીંબોળીઓ પુષ્કળ પ્રમાણમાં થઈ છે. ભુજ તાલુકાના પધ્ધર, કાળી તળાવડી, કોટડા મીંયાણી પટ્ટીના ગામડાઓના મંજુર વર્ગ માટે રોજગારીનું સાધન બની છે. લાંબોળીઓ મે, જૂન મહિનામાં પુષ્કળ પ્રમાણમાં મળી રહે છે. આ ગામડાની મહિલાઓ બાળકો સહિતના જૂથ બનાવીને વહેલી સવારે વન વગડા વાડી વિસ્તારમાં લીંબોળી વીણવા નીકળી જાય છે. આખો દિવસ એકત્ર કરી ખુલ્લી જગ્યામાં સુકવી દે છે. કારણ કે સુકવેલી લીં બોળીના સારા ભાવ મળી રહે છે. કિલો દીઠ રૂ.૧૦ થી ૧૨ લેખે વ્યાપારીઓ અથવા એગ્રો પ્રોડક્ટસના માલિકો ખરીદી જાય છે.

● જખૌના બાયાંબાઈ ભવાનજી શિવજી ઝવેરી સરકારી આયુર્વેદ દવાખાનું ચલાવવા માટે દાતા દ્વારા આપતી વખતે મુકાયેલી શરત મુજબ સરકાર દ્વારા મરમત કરાવવાની રહેશે. છેલ્લે ૩૧ વર્ષ પહેલાં થોડું કામ કરાવાયું હતું. હવે જર્જરિત બનેલા મકાનની તાત્કાલિક મરમત નહીં કરાય તો જમીન દોસ્ત થઈ જશે એવી સરકારના સંબંધિત તંત્રોને રજૂઆત કરાઈ છે. ૯૫ વર્ષના શાહ શામજી ભવાનજી ઝવેરી એ તેમના માતા બાયાંબાઈની હક્ક માલિકીનું ૮ રૂમ મેડી સહિત ડેલી બંધ મકાન સરકારને ૧૯૭૬માં આપ્યું હતું.

● કોરોનાની પ્રર્વતમાન સ્થિતિ વચ્ચે જૂન-જુલાઈમાં અપૂરતો વરસાદ વરસતાં ઘાસચારાના ભાવ આસમાને પહોંચી ગયા છે. જૂન-જુલાઈમાં ચૂકવાયેલી પશુ સબસિડી સહાયના લીધે થોડેક અંશ રાહત થઈ હતી. ત્યારે પાંજરાપોળ ગૌશાળાઓને ઓગસ્ટથી નવેમ્બર એમ ચાર માસના સમયગાળા માટે પશુ સહાય સબસિડી મૂકવવા અખિલ ગૌશાળા પાંજરાપોળ કચ્છ યુવા સંઘ દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

# કોઠારા તીર્થે પ્રાણી રક્ષા દિવસ નિમિત્તે અબોલા જીવોને માંગલિક અને નવકાર મંત્ર સુણાવી ઉદર તૃપ્તિ કરાઈ





શ્રી કોઠારા તીર્થે શાંતિનાથ દાદાની શીતલ છાયામાં બિરાજમાન પ.પ.સાધ્વીશ્રી હંસ માલાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી જિન શ્રધ્ધાશ્રીજી મ.સા. આદિ ઠાણાજી પ્રેરણાથી પ્રાણી રક્ષાદિવસ નિમિત્તે જીવદયા પાલક શ્રી નેમનાથ ભગવાનનું દિશા કલ્યાણક અને અચલગચ્છાધિપતિ, જિનશાસન શિરોમણિ, તપચક્રવર્તી આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે કોઠારા પાંજરાપોળમાં અબોલ ગૌ જીવોને લાપસી, ગોળ, નીલો ચારો, કૂતરાઓને રોટલા અને પક્ષી જીવોને ચણ નાખવામાં આવેલ. અબોલા પશુઓને માંગલિક અને નવકાર મંત્રની ધૂન સંભળાવવામાં આવેલ હતી.



# ભાવભીની શ્રદ્ધાંજલિ



**હિરાચંદ ખોના**
તા.૯ ઓગસ્ટ (ઉ.૭૭)
મોટી ખાવડી-ડોંબીવલી



**દિવ્યા ખોના**
તા.૧૨ ઓગસ્ટ (ઉ.૫૫)
સાંધવ-ડોંબીવલી



**લિલાવંતી નાગડા**
તા.૧૨ ઓગસ્ટ (ઉ.૮૨)
નલિયા-ઘાટકોપર



**શશીકાંત ધુલ્લા**
તા.૧૨ ઓગસ્ટ (ઉ.૮૧)
નલિયા-ઘાટકોપર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**


SHUBH
DIAMONDS
Qualified, Experienced Craftsman,
Awarded Designer Team & Product
Development constantly thrive to
develop Exquisite Diamond Designs ...
Perfect Blend of Diamond
Studded Jewellery ...
Enchanting Handcrafted Jewellery ...
Quality & Creativity is our
first priority ...
Manufacturing units at
Mumbai, Chennai & Bangalore ...
Every product is Certified & Hallmarked ...
GJC
Rajendra Momaya
98841 49494
કચ્છ શક્તિ
KUTCH SHAKTI
-: શુભેચ્છા સહ :- માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)
# 128, Cathedral Road, Chennai-600 086. For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
E.Mail: seema@shubhdiamonds.com


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA